# -: પ્રેસનોટ :-

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર. અગ્રવાલ ઇન્ફ્રાકોન પ્રા.લી., કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત મણિનગર રેલ્વે ક્રોસીંગ ફાટક નં. L-C-308 નંબરના કેબીન સામે બુલેટ ટ્રેનના ટ્રેકના સિગમેન્ટ લગાવવાનું કામ **તા.૧૬/૧૧/૨૦૨૩ થી તા.૨૬/૧૧/૨૦૨૩ દિન-૧૧ સુધી** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન આ ક્રોસીંગની બન્ને બાજુનો રસ્તો બંધ કરવામાં આવનાર હોય જેથી બન્ને બાજુનો ટ્રાફિક નીચે મુજબના માર્ગો પરથી અવર-જવર કરી શકશે.

| અ.નં. | વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ | વૈકલ્પિક માર્ગ |
|---|---|---|
| ૧. | મણિનગર રેલ્વે ક્રોસીંગ ફાટક નં. L-C-308 નંબરના કેબીન સામે બન્ને બાજુ બંધ રહેનાર છે. | ૧. કાંકરીયા શાહઆલમ જવાહર ચોક ચાર રસ્તા તરફથી મણિનગર રેલ્વે ક્રોસીંગ તરફ આવતો ટ્રાફિક એલ.જી. હોસ્પીટલ થઇ ઝગડીયા બ્રીજ થઇ આવકાર હોલ થઇ આવતો ટ્રાફિક ગુરુજી બ્રીજ ઉપર થઇ ખોખરા સેવન ડે સ્કૂલ હરીપુરા જશોદાનગર ચાર રસ્તા હાટકેશ્વર તરફ જઇ શકશે. જેમાં ટુ-વ્હીકલ અને થ્રી-વ્હીકલ દક્ષિણી અંડરપાસ થઇ જઇ શકશે.<br>૨. હાટકેશ્વર અનુપમ સિનેમા હરીપુરા જશોદાનગર તરફથી આવતો ટ્રાફિક ઝગડીયા બ્રીજ તથા ગુરુજી બ્રીજનો ઉપયોગ કરી શકશે. જેમાં ટુ-વ્હીકલ અને થ્રી-વ્હીકલ દક્ષિણી અંડરપાસ થઇ જઇ શકશે. |

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

**તા.૮/૧૧/૨૦૨૩**

( એન.એન.ચૌધરી )
અધિક પોલીસ કમિશનર
ટ્રાફિક, અમદાવાદ શહેર